સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

બદલાઇ જાય ભાષાને મીઠા બોલ જાગે છે
ચૂંટણીમાં પ્રજા નેતાનાં તોલ-મોલ માગે છે,
સત્તાના ગોલ માટે વચનોના આપે છે કોલ -
હોય છે પોલંપોલ, ચૂંટણીનાં ઢોલ વાગે છે

હાઈકુ

લાગે મીઠડો,
મોંઘવારીમાં પણ
ઘંટ રણકો..
(શાળાઓ શરૂ)

પથ્થરબાજી
આપસમાં શબ્દોની -
લડે છે રાજ્યો..
(પ્રાદેસિક રાજકારણ)

ચિંતન

દ્વારિ પ્રવિષ્ટઃ સહસા તતઃ કિં? દૃષ્ટઃ પ્રભુઃ સ્મરે મુખ સ્તતઃ કિમ્ ।
કથા શ્રુમા શ્રોત્રસા તતઃ કિં, વ્યથા ન શાન્તા યદિ જાઠરીયા ॥

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ : 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'રાજ દરબારમાં (પ્રધાનશ્રીની કચેરીમાં) ધારો કે (પીએનાં પરિચયને કારણે) પ્રવેશ મળી જાય અને રાજા (પ્રધાનશ્રી)નો 'હસતો ચહેરા' ના દર્શન થઇ પણ જાય, પણ તેથી શું? અને કાનને પ્રિય લાગે એવાં બે વચન સાંભળવા પણ મળે. (કે હા, હું જોઇ લઇશ - તપાસ કરાવીશ વગેરે) પણ એથી શું? જો બધાને અંતે જઠરાગ્નિ તૃપ્ત થાય એવી આર્થિક સહાય ન મળે તો એનો કોઇ જ અર્થ નથી બધું વ્યર્થ જ છે.'

ચૂંટણીની મોસમમાં કે ગામ/શહેરમાં પધરામણી થઇ હોય ત્યારે રાજા-પ્રધાનશ્રી મીઠું-મીઠું બોલે, વચનો આપી જાણે આવતી કાલે જ કામ કરી આપવાના હોય એટલો પ્રેમ-ઉમળકો દર્શાવે પણ 'સચિવાલય' પહોંચતાં જ 'અભિજ્ઞાન શાંકુતલ' ની જેમ આપેલા બધાં જ વચન ભૂલી જાય અને આપણે ફરી રૂબરૂ વાત યાદ અપાવીએ તો ઓળખે જ નહીં..

પ્રધાનશ્રીઓ લગભગ તો મળે જ નહીં, મળે તો મીઠા જવાબ સિવાય કંઇ આપે નહીં. પ્રજાને વચનો-આગાહીઓ-જાહેરાતોની જરૂર નથી. માત્ર બે ટંક ખાવાનું અને છાપરું મળી રહે તો પણ ઘણું, એના વિના બધું નકામું.

સુવિચાર

- માણસ જે પરિસ્થિતિ વચ્ચે જીવે છે તે તેમની ચેતનાની સ્થિતિનું જ પરિણામ છે, ચેતનામાં પરિવર્તન લાવ્યા સિવાય પરિસ્થિતિને બદલવાની વાત વૃથા છે - **માતાજી**
- ક્ષમાનું ફળ અપરાધી કરતાં ક્ષમા આપનારને વધારે મળે છે - **શરદ બાબુ**
- લોભ એ નરકનું પ્રવેશદ્વાર છે - **સાધુ વાસવાણી**
- પોતાની ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન એ જ ઇશ્વર પૂજા છે - **વિવેકાનંદ**
- શ્રધ્ધા એટલે ઇશ્વરની ઇચ્છાને નિઃશંક સમર્પણ લાભથી ખુશ થવાનું નહિ અને હાનિથી નાખુશ થવાનું નહિં - **સ્વામી રામદાસ**
- જે ક્ષમા આપી શકે અને જતું કરી શકે તે જ સફળતા પ્રાપ્ત કરી શકે- **ગિજુભાઇ બધેકા**
- એકતાના બળ પર લોકો ધારે તે કરી શકે છે, પગ નીચેની જમીન સરકી ગઇ તો આપણે શું કરી શકવાના? - **ડો. આંબેડકર**

બોધકથા

સરદાર સરોવર નર્મદા ડેમમાં પહેલાં તો કંઇક 'સરદાર પટેલ' નું સૌથી ઊંચું સ્મારક મૂકવાની વાત હતી પણ હવે 'પટેલો'માં આવેલા પરિવર્તનને કારણે નિર્ણય ખોરંભાય નહીં તો સારું! રાજાઓ અને વાજાં ક્યારે બગડે તે કહેવાય નહીં.

અત્યારે કોઇ બિહાર, બંગાળના શાસનના વખાણ કરે તો કોઇને ગમે! એમ બીરબલ મહારાણા પ્રતાપના શૌર્યના વખાણ અકબર પાસે ક્યાં કરતો. રાજાને મજા ન આવતી પણ આનો બદલો કેમ લેવો એ વિચારી ઓફિસનાં સંડાસ-બાથરૂમમાં રાણા પ્રતાપનો ફોટો મૂકાવી દીધો!

બીરબલ ત્યાં જઇ આવ્યો એટલે સમજી ગયો, કે મહારાણા પ્રતાપના વખાણ બાદશાહથી હજમ નથી થયા! પણ બીરબલ હાર તો કેમ સ્વીકારે?

બાદશાહ પણ બીરબલના પ્રત્યાઘાત અને મનોબળ જાણવા ઉત્સૂક હતો. તેથી તેની સામે ટગર-ટગર જોતો હતો!

બીરબલ સમજી ગયો, પૂછ્યું કેમ હમણાં તમારું પેટ બગડ્યું છે, કબજીયાત છે? બાદશાહ કહે, ના - કેમ પૂછ્યું?

ઘણાં રાજાઓને રાણા પ્રતાપનું ચિત્ર જોઇને જ ઝાડા થઇ જાય છે, એટલે મને એમ કે... તમને પણ...

શિક્ષણમાં માનવતાના પાઠને અગ્રતા આપીએ

તંત્રી સ્થાનેથી...

સોમવારથી શૈક્ષણિક સત્ર આરંભાયું. નવી આશા અને અરમાનો સાથે વિદ્યાર્થીઓએ જીવન ઘડતરની દિશામાં એક વધુ કદમ આગળ વધવાની ઉત્તેજના અનુભવી. વાલીઓએ પણ ગૌરવ સાથે પોતાના સંતાનોને શિક્ષણના વધુ એક પગથિયે ચડવાનો આનંદ અને ગૌરવ અનુભવ્યો. સમગ્ર સમાજમાં એક ગતિનો સંચાર થયો. નવા પરિમાણોની ખોજ આરંભાયાનો અહેસાસ થયો. સમગ્ર વાતાવરણમાં ચેતનાનો સંચાર અનુભવાયો. આપણી સામાજિક પરંપરા અને પ્રક્રિયામાં શિક્ષણનું મૂલ્ય ખુબ મોટું છે. મૂલ્યનિષ્ઠ શિક્ષણ એ સમાજનું એક લક્ષ્ય છે, વ્યક્તિ ઘડતરની પ્રક્રિયા છે, અને જીવન દિશાનો માર્ગ છે. બદલાતા સમય અને સંજોગો પ્રમાણે શિક્ષણના મોડ બદલાતા રહ્યા છે. મેકોલોની શિક્ષણ પધ્ધતિથી લઈ કપિલ સિબ્બલના વિચારોની છાંટવાળુ શિક્ષણ પ્રવર્તમાન છે. થાગડ થીગડ પ્રયાસો બહુ જ થયા છે. શિક્ષણને બદલવાની વાતો ખૂબ થઈ છે. સુધારને નામે થીંગડા ખૂબ માર્યા છે. પરંતુ હજુ સુધી ૬૫ વર્ષે પણ કોઈ નક્કર પરિણામ પ્રાપ્ત કરી શક્યા નથી.

આપણે ૬૫ વર્ષમાં શિક્ષણને પરીક્ષાની કોટડીમાં પૂર્યું છે. પરીક્ષાનું પરિણામ એ શિક્ષણનું માપ બની ગયું છે. જયારે સાચી શિક્ષણની વ્યાખ્યા અટવાઈ ગઈ છે. વ્યક્તિ નિર્માણનું લક્ષ્ય ઝાંખુ પડતું જાય છે. આપણી આજની શિક્ષણપ્રથા તબીબો, ઈજનેરો, મેનેજરો, શિક્ષકો, અધિકારીઓ ઘડી શકે છે, પણ માનવ ઘડવાનું હાંસિયામાં રહી જાય છે, ડૉકટર ત્યારે જ સાચો ડૉકટર બની શકે કે જયારે એ સાચો માણસ બને. અને આ માત્ર ડૉકટર માટેની વાત નથી, પણ સમાજમાં તમામ વ્યવસાયોમાં આ લાગુ પડે છે. વર્ગખંડમાં અપાતા પુસ્તકિયા જ્ઞાનની સાથે માનવ મૂલ્યોની વાત પાયાની પૂર્વ શરત છે. કૃતજ્ઞતા, કરૂણા, મહત્ત્વકાંક્ષા અને આત્મ પ્રત્યાવાન જેવા માણસના મૂળભૂત તત્ત્વોનું શિક્ષણ નથી અપાતું અથવા અપાય છે તો કાચું અપાય છે. એ કમનસીબ છે, શાળાને પગથિયે ચડતો બાળક ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન કે ગણિત ભણે એ તો આનંદ છે, એનું ગૌરવ છે. પરંતુ માણસાઈના પાઠ ભણે તે તેના જીવન અને સમગ્ર સમાજ જીવન માટે એક આભૂષણ છે. શિક્ષણના નવા સત્રથી શિક્ષકો પોતાની દૃષ્ટિ અને લાગણીથી બાળકોના ઘડતરમાં માનવતાના પાઠ ભણાવતા જાય એમાં જ શિક્ષકની અને શિક્ષણની યથાર્થતા છે.

સમયનો પ્રવાહ વહેતો ગયો, ખુશી સાત વર્ષની થઇ ગઇ, તેની આ નાનકડી દુનિયામાં જાણે બ્રહ્માંડની ખુશીઓ સમાઇ ગઇ હતી

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

હે! ભગવાન આજ સવાર સવારમાં કોનું મોં જોયું? કોણ જાણે શું થશે? હવે તો તું જ વ્હારે આવજે મારા વ્હાલા!

નિધિને જોતાં જ સરલા કાકીનાં મોંમાંથી શબ્દો સરી પડ્યા.

આજે પણ નિધિનો દિવસ રડવાની જ શરૂ થયો. તે દોડતી આવીને ઓરડામાં પલંગ પર પછડાઈ. ચાર વર્ષથી તે આ રીતે કડવા વેણ સાંભણી રહી હતી. કોઈ પાંદડું ધ્રુજે એમ ધ્રુજતી હીબકાં ભરી ભરીને રડવા લાગી.

'નિધિ તને ફરી કોઈએ કંઈ કહ્યું કે...?' અમૃતે તેના માથા પર હાથ ફેરવતાં પૂછયું.

નિધિએ જોરથી અમૃતને પકડી લીધો. 'લોકોની વાતોને એક કાનથી સાંભળી બીજા કાને કાઢી નાંખવાની' આ સાંભળી ને તો નિધિ વધુ જોર જોરથી રડવા લાગી.

નિધિ અને અમૃતને લગ્નના બંધનમાં બંધાયે પુરા પાંચ વર્ષ થઈ ગયાં હતાં. એક વર્ષ તો બધું બરાબર રહ્યું. પણ બીજા વર્ષથી એક યા બીજા સ્વરૂપે લોકોના મહેણાં સાંભળવા મળતાં હતા. કેમ કે તેના આંગણામાં પગલીના પાડનારની ખોટ વર્તાતી હતી. વૈદ્ય - હકીમ - ડૉકટર બધા પાસે દવાઓ પીધી, મંદિરોમાં માનતાઓ માની, પણ ક્યાંક આશાનું કિરણ નજરે પડતું ન હતું.

અમૃત તો કામને લીધે સવારથી સાંજ બહાર રહેતો હતો. પણ નિધિ આડોશપાડોશમાં જતાં ગભરાતી હતી. એકલતાને કારણે તેનું મન ઉદાસ થઈ જતું હતું. તે જિંદગીના સફેદ કાગળ પર રંગોની ભાત પાડવા માંગતી હતી. પણ નિયતિનું નિર્ધારણ કોણ જાણે શું હશે?

આજે તો રહી રહીને તેનું મને બેચેન થઈ રહ્યું હતું. પોતાના અધુરાપણાની નફરત રહી હતી. તેના હૃદયમાં વારંવાર ભરતી આવતી હતી. અમૃત તો તેને સમજાવી જતો રહેતો. આદર્શવાદની વાતો કરવી સહેલી છે. પણ વાસ્તવિક જીવનમાં તેને જીવવું ઘણું મુશ્કેલ છે. સતત વિચારોના વમળમાંથી તેને એક ઝબકારો થયો. તે મનોમન રાજી થઈ. કદાચ તે કોઈક નિર્ણય પર આવી ગઈ હતી.

વાદળોની પાછળ સંધ્યા તરફ જતાં સૂર્યને તે જોવા લાગી. ટમટમતા તારલાઓની તે રાહ જોવા લાગી. પ્રકૃતિના આ દૃશ્યોમાં કલ્પનામાં હૃદયના સાગર હિલોળા લેવા લાગ્યો. તે અમૃતની આતુરતા પૂર્વક રાહ જોવા લાગી.

રાતે જયાં અમૃત આવ્યો ત્યાં નિધિ તેને વળગી પડી. અમૃતને નિધિના આ વર્તનથી આશ્ચર્ય થયું.

'હું તમારી પાસે કંઈક માંગુ તો...' નિધિએ સંકોચ સાથે કહ્યું.

'અરે! હુકમ કરો મેમ, તમારા માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર છું.' જરા રોમેન્ટીક મૂડમાં આવી જતા અમૃતે કહ્યું.

'આપણે કોઈ બાળક ખોળે લઈએ તો કેવું?' અમૃત મૂર્તિની જેમ એકી નજરે તેની તરફ જોઈ રહ્યો. તેની તો કયારની ઈચ્છા હતી જ. પણ કહેવાની હિંમત કરી શક્યો ન હતો.

બીજે દિવસે બન્ને જિંદગીમાં વાસંતી ફૂલોના રંગ ભરવા મમતા અનાથાશ્રમે પહોંચી ગયાં. ત્યાંના સંચાલિકા ઈન્દુબેન શુક્લએ પૂછ્યું. 'દીકરો જોઈએ કે દીકરી.'

'એવું કંઈ વિચાર્યું નથી. જે પસંદ આવશે તેને સહર્ષ સ્વીકારી લઈશું.' અમૃતે નિધિ તરફ જોતાં કહ્યું.

નિધિએ પણ હા માં હા ભણી દીધી. અહીં પાંચ મહિનાથી લઈને પાંચ વર્ષ સુધીનાં બાળકો હતા. બાળકોની સ્થિતિ જોઈને પથ્થર જેવું હૃદય પર પીગળી જાય. સ્ત્રી પુરૂષના ક્ષણિક આવેગનું આ પરિણામ હતું. કોઈ કચરાપેટીમાંથી તો કોઈ મંદિરના ઓટલેથી મળ્યું હતું. અમૃત તરફ એ બધા ખુબ આશા ભરી નજરે નિહાળી રહ્યાં હતા. નિધિની નજર પારણામાં સૂતેલી એક સાત મહિનાની બાળકી પર પડી. તે પારણાં પાસે ગઈ અને તેને બાળકીને ઊંચકી લીધી. બાળકીના સ્પર્શથી નિધિને અલૌકિક અને અદ્‌ભૂત અહેસાસ થયો. બાળકી પણ તેનો સ્પર્શ પામીને સ્નેહ દૃષ્ટિથી જોવા લાગી. તેના ચહેરા પર તાજગીની ઝલક હતી. આશ્રમની ઔપચારિતાઓ પુરી કરી બન્ને એ બાળકીને ઘેર લઈ આવ્યાં.

આજે તો આથમતાં સૂરજે પણ તેની લાલીમાના રંગો નિધિની જિંદગીમાં ભરી દીધા હતા. દીકરીનું નામ ખુશી રાખ્યું. કારણ કે તેને નિધિના જીવનને ખુશાખુશાલ કરી દીધું હતું. નિધિ હવે આખો દિવસ તેને લાડ લડાવવામાં અને તેના ઉછેરમાં ખોવાઈ ગઈ હતી. તેના હૃદય અને મન પર ખુશી છવાઈ ગઈ હતી.

જયારે પહેલીવાર ખુશીના મોં એથી 'મા' શબ્દ સાંભળ્યો ત્યારે નિધિની આંખમાથી હર્ષના આંસુ વહેવા લાગ્યાં.

સમયનો પ્રવાહ વહેતો ગયો. ખુશી સાત વર્ષની થઈ ગઈ. તેની આ નાનકડી દુનિયામાં જાણે બ્રહ્માંડની ખુશીઓ સમાઈ ગઈ હતી.

એક દિવસ અચાનક અનાથાશ્રમમાંથી ઈન્દુબેનનો ફોન આવ્યો. ફોન અમૃતે રિસીવ કર્યો. કોણ જાણે બન્ને વચ્ચે શું વાતચીત થઈ કે અમૃત જડવત ફોનનું રીસીવર લઈને ઉભો રહ્યો.

'ન... ન... નિધિ મમતા આશ્રમથી ઈન્દૂબેને કહ્યું છે કે કાલે સવારે ૧૦ વાગ્યે ખુશીને લઈને આવી જજો' અમૃતે જરા ગભરાતાં કહ્યું.'

'શું કામ?' 'ખબર નહીં અમૃતે વિવિશ સ્વરે કહ્યું.'

'કદાચ ખુશીનાં માબાપ આવ્યાં હોય?'

(અનુસંધાન પાના નં. ૬ પર)

જન્મકુંડળી લઈ જ્યોતિષ પાસે સૌ ગુણ મેળવવા જાય, ગ્રહોનો મેળ ના પડે તો અહીં ઐશ્વર્યા પણ રીજેક્ટ થાય

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

કુંડળી જોઈને લગ્ન કરવાનો રીવાજ હજુએ મોટાભાગનાં પરિવારો અપનાવે છે. મન મળી જાય, પસંદગી થઈ જાય પણ કુંડળી ના મળે એટલે લગ્નમાં વિરોધ થાય... મન મારીને કેટલાં દિવસ જિંદગી જીવવાની અને પાછું પોતાને આધુનિક કહેવાનું? આ મુર્ખામીભર્યા નિર્ણયો ક્યારે અટકશે???

૨૧મી સદીનો માનવી આજે વિજ્ઞાન અને આધુનિક શોધોને પરિણામે છેક ચંદ્ર અને મંગળ પર પગ મુકી ચૂક્યો છે. ગ્રહો વિશે પણ અનેક સંશોધનો થયાં છે; તો પણ સામાન્ય માણસોમાં મગજમાંથી પત્રિકા - કુંડળી અને એ કુંડળીના ગ્રહો કંઈ રજા લેતાં નથી!! કુદરતી રીતે સ્ત્રી અને પુરૂષ એક જાતી માનવામાં આવી છે. (આદમ અને ઈવ, એમની કુંડળી કોણે બનાવી?) અને તોય આપણાં સમાજમાં લગ્ન કરવા માટે મનનો મિલાપ થાય કે ના થાય પણ કુંડળીના ગ્રહો અને ગુણો મળવાં એને જ મહત્વ અપાય છે. જન્મપત્રિકાનાં ગ્રહો અને ગુણો મળવાં એને જ મહત્વ અપાય છે... જન્મપત્રિકાનાં ગ્રહો અને રાશી જ નક્કી કરશે કે આ બે વ્યક્તિ ભવિષ્યમાં કેવી રહેશે! આમાં આમનાં વિચાર અને સંબંધનો કોઈ રોલ રહેતો નથી!!

માણસ જેટલો આધુનિકતા તરફ વધ્યો એટલો સમજદાર થવો જોઈતો હતો એટલો ના થતાં નિરર્થક વાતોને જ વધુ મહત્વ આપવાં લાગ્યો... મંગળવાળી છોકરીને અમંગળ ગણવાનું કારસ્તાન હજુએ લોકો અંધશ્રદ્ધાના શ્રેષ્ઠ નમૂના સમાન કરે છે. સો ટકા વિચાર અને મન મળી જાય છતાંય કેવળ કુંડળીના કંઈક નિરર્થક દોષને કારણે લગ્નભંગ થઈ જાય છે. એકાદો ગ્રહ તે ચોખંડુ બે પ્રેમી જીવને એક થવામાં ચોકડી મારી જાય છે. એક મિત્રએ સ્વાનુભવનો વર્ણવેલો સત્ય કિસ્સો તમારી સમક્ષ મુકું છું જેથી સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા અને કંઈક ખોટી સમજૂતી નષ્ટ કરવામાં મદદરૂપ થઈ શક્ય.

એકાદ વર્ષ પહેલાં સતીષ એનાં મમ્મી - પપ્પા સાથે એમનાં સમાજની જ છોકરીને જોવાં એનાં ઘરે ગયો. એમનાં સમાજની પરંપરા મુજબ છોકરી જોતાં પહેલાં એમની કુંડળી મિલાવવાનું કામ હાથે ધરાયું. છોકરીનાં પરિવારજનોએ એમનો જયોતિષ હાજર જ રાખેલો. મહારાજે કુંડળીના ૩૨ ગુણ મળે છે કહી ગ્રીન સિગ્નલ આપ્યું અને છોકરી બટાકા પૌઆની ડિશ લઈ હૉલમાં હાજર થઈ. છોકરી સતીષને અને એનાં મમ્મી -પપ્પા સહ ત્યાં ઉપસ્થિત સૌને ગમી ગઈ. છોકરીનાં ભાઈએ સતીષ અને સ્નેહાને પરસ્પર વાત કરવા એકાંત કરી આપ્યો. સતીશ અને સ્નેહાએ ઔપચારિક પ્રશ્નોથી શરૂઆત કરી અને એકબીજાને સમજવાની કોશિષ કરી...

સ્નેહાની વાત પરથી સતીષ સમજી શક્યો કે સ્નેહા પણ એને પસંદ કરે છે. સતીષને સ્નેહાના વિચાર અને વાત કરવાની ઢબ આકર્ષી ગઈ અને એણે નક્કી કરી નાંખ્યું 'લગ્ન કરવા તો સ્નેહા સાથે જ.' સતીષ અને સ્નેહા બંને નોકરી કરતાં હતાં તેથી એકબીજાનાં વિચાર અને એડજેસ્ટમેન્ટનો સમન્વય થવો ખૂબ જ જરૂરી હતો અને આ બંનેને એવું લાગ્યું કે, તેઓ એકબીજાને સમજી લેશે... છોકરી જોવાનો કાર્યક્રમ ખુશીથી પતી ગયો!!

સમાજના રીતરિવાજ મુજબ બધું ફિક્સ થવાનું હતું પણ એ પહેલાં સ્નેહાને એના વિશે સતીષને કંઈક કહેવું હતું. અને એ માટે સતીષે એનાં ઘરે ગયો. સ્નેહાને એક બિમારી હતી અને એ બિમારી વિશે એણે નિખાલશતાથી સતીષને જણાવી દીધું. મેડિકલ સાયન્સ આજે એના ચમત્કારોથી ભલભલી બિમારીઓ ભગાડે છે. અને સ્નેહાની બિમારી કંઈ એટલી ભયાનક ન

હોતી. સ્નેહાની વાત સાંભળી સતીષે એને એની બિમારી સાથે સ્વીકારવાની ખાત્રી આપી, કારણ સતીષને હવે સ્નેહા ગમવા લાગી હતી. સતીષનાં મનમાં સ્નેહાં વિશે પ્રેમ જાગૃત થયો હતો , અને સ્નેહાને એ અપનાવવાં ઉત્સુક હતો! બંને જણાએ લગભગ એકાદ કલાક ચર્ચા વિચારણા કરી અને એકબીજા વિશે વધુ જાણકારી મેળવી લીધી. બનેના વિચાર અને મન મળી ગયાં. બંનેના ઘણાં સ્વપ્રા હવે સાકાર થવાનાં હતા અને અહીંથી બંનેના પ્રેમની શરૂઆત થઈ અને એકબીજા સાથે સપ્તપદી ફરવાનાં સોગંધ લીધાં!!

બીજ દિવસે સ્નેહાના ઘરવાળા સતીષનાં ઘરે લગ્નની તારીખ નક્કી કરવા અને કપડાં, દાગીનાં વગેરે વ્યવહારની વાતો કરવા જવાના હતાં. પણ એ પહેલાં સ્નેહાનાં ઘરની એક વ્યક્તિને ફરી એકવાર જન્મપત્રિકા જોવાની ઈચ્છા થાય છે અને આ વખતે કુંડળી મેંચ થતી નથી! છેક મોંમા આવેલો કોળીયો પડી જવાની તૈયારીએ પહોંચ્યો, સતીષના ઘરે સ્નેહાની મમ્મીએ ફોન કરી આ દુઃખદ સમાચાર પહોંચાડ્યા. સતીષના ઘરનું વાતાવરણ ડોહળાઈ ગયું. કેટકેટલાં અભરખાં પર પાણી ફરી ગયું. જેણે કુંડળી બતાવી એણે કૉમ્પ્યુટર પર ચેક કરાવ્યું અને એમાં સ્પષ્ટ લખેલું આવ્યું કે "વિવાહ અયોગ્ય!!"

સ્નેહાનાં ઘરના પર તો વીજળી પડી, સૌ મારતી ગાડીએ જયોતિષિનાં ચરણોમાં આળોટ્યા, એણે પણ નાના નાના ફાલતું જેવાં દોષ બતાવી બધાંના સુખોના દુધમાં મલીન ગ્રહોનું મેળવણ નાંખી જીંદગી ખાટી કરે છે. સતીષનું મગજ તપી ગયું, એણે ખુબ વિચાર કર્યો, એ અમદાવાદનાં નિષ્ણાંત જયોતિષ પાસે ગયો એમણે પૂર્ણ વિચાર જન્મપત્રિકા, કુંડળીનાં ગ્રહો પર વિચાર કરીને આ વિવાહ યોગ્ય છે એવો સિક્કો માર્યો. ખરેખર તો, સતીષને જયોતિષશાસ્ત્ર પર ભરોસો જ નહોતો પણ છતાંય સ્નેહાની રાજીખુશી માટે એ એની ઈચ્છા વિરૂધ્ધ જયોતિષી જોડે ગયો... પણ તોય સ્નેહાના ઘરનાં ના માન્યા તે ના માન્યા જ. સતીષને વિચાર આવ્યો પરિવારનાં વિરૂધ્ધ જઈ સ્નેહાને ભગાડી જવી અને લગ્ન કરી લેવાં પણ સ્નેહાના મનમાં પણ કુંડળીનાં ડરામણાં ગ્રહોની બીક પેસી ગયેલી. એણે પણ દુઃખી મને નનેયા ભણ્યો. સતીષે સ્નેહાનો વિચાર છોડી દીધો અને આમની એકાદ મહિના પુરાણી લવ સ્ટોરીનો ધ એન્ડ થઈ ગયો!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

આ જગતનો નિયમ છે કોઇનું દુઃખ આપણે ચાહીને પણ લઇ શકતા નથી કે આપણી પરેશાનીનો બોઝ કોઇના માથે નાંખીને હળવા પણ થઇ શકતા નથી

સખીને પત્ર
- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

સવારનો પહોર છે. ચારેબાજુ શાંતિ છે. પક્ષીઓનો મીઠો કલરવ છે. કુદરત હસતા મોં એ આપણું અભિવાદન કરી રહી છે. પણ આપણાં કપાળમાં કરચલી છે. આજે કરવાના કામોની લાંબી લચ્ચક યાદી, ધીમા વેગે આપણું પાણી, પત્નિ મહાસયના હુકમોની બજવણી, ગઈકાલે બની ગયેલી ઘટનાઓની અકળામણ, આ બધું જ મળીને આપણી સવારને બોઝીલ બનાવે છે. ચા નો કપ હાથમાં લઈ આવાં જ કંઈક વિચારમાં છું ત્યાં જ મોટેથી 'ગુડ મોર્નિંગ મેડમ' નો અવાજ સંભળાય છે. ચોંકીને જોઉં છું તો છાપાવાળો રિયાઝ હસતાં ચહેરે છાપું નાંખીને આગળ નીકળી જાય છે. આ રોજનો ક્રમ છે. રિયાઝ ગુડ મોર્નિંગ વીશ કરે પછી મારા ચહેરા પર પણ હાસ્ય આવી જાય છે. કામ કંઈક વધુ ઉત્સાહથી થવા લાગે છે. આપણી ગમગીની કોઇના 'કેમ છો?' પૂછવાની ઓછી કેમ થઈ જતી હશે?

આ જગતનો નિયમ છે કોઈનું દુઃખ આપણે ચાહીને પણ લઈ શકતા નથી કે આપણી પરેશાનીનો બોઝ કોઈના માથે નાંખીને હળવા પણ થઈ શકતા નથી. છતાંય કોઈ ખભે હાથમૂકીને કહે કે, "વાંધો નહિ, બધું બરાબર થઈ જશે" તો હૃદયમાં - મનમાં હળવાશની એક શીતળ લહેર દોડી જાય છે. આજે પ્રત્યેક વ્યક્તિ સમયનાં ચક્રવ્યૂહમાં ફસાયેલો અભિમન્યુ છે. સતત સંઘર્ષ તેની ઓળખાણ છે. ત્યારે સવારમાં તાજા ખીલેલા ફૂલ જેવું સ્મિત વેરીને કોઈ બોલાવે ત્યારે લાગે છે કે, જીવનમાં હજી મજા છે.

આપણે સંબંધોની હૂંફનો અહેસાસ કરાવવામાં ઘણાં જ ઉણાં ઉતરીએ છીએ. પડોશીને હસતાં ચહેરે સવાર - સવારમાં લબેકાબંધ ટહુકો કર્યો છે ક્યારેય? મોર્નિંગ વૉકમાં ઘણાં પરિચિત ચહેરા દેખાય છે. પણ આપણાં બે હોઠ હાસ્યમાં ખુલીને તે પરિચિતતાનો સ્વીકાર કેમ કરતાં નથી? બસમાં અપડાઉન કરતાં, રોજ શાકભાજીની લારી પર, દૂધના કેન્દ્ર પર, બિલ ભરવાની લાઈનમાં, બગીચાની હરિયાળીમાં કેટલાંય ચહેરા જાણીતા હોય છે. પરંતુ તે દરેકનું અભિવાદન કરવામાં આપણે આટલી કંજુસાઈ શા માટે કરીએ છીએ?

અકબર અને બિરબલની એક વાર્તાનો અંશ મને કંઈક જુદી રીતે પ્રિય છે. એ વાર્તા મુજબ અકબર રાજા એક ગરીબ વૃધ્ધને એક રોટીની ચોરી બદલ શિયાળામાં ઠંડી રાતમાં પાણીના હોજમાં ઉઘાડા શરીરે ઉભા રહેવાની સજા ફરમાવે છે. કડકડતી ઠંડીમાં ધ્રુજતો વૃધ્ધ આખી રાત થીજાવી દે તેવી સર્દીમાં પાણીમાં ઉભો રહે છે. અકબર ને અને અન્ય રાજ દરબારીઓને હતું કે વૃધ્ધ આ ઠંડી સહન કરી શકશે નહીં. કદાચ મરી પણ જાય. પરંતુ બીજા દિવસે સવારે સૈનિકો જીવંત વૃધ્ધને લઈને હાજર થયાં. અકબરને નવાઈ લાગી. "આટલી ઠંડીમાં ઉઘાડા શરીરે આ વૃધ્ધ પાણીના હોજમાં કઈ રીતે જીવી શક્યો?" તેણે વૃધ્ધને પૂછ્યું. વૃધ્ધે જવાબ આપ્યો કે, 'દૂર દેખાતા આપના મહેલની અટારીએ બળતા દીવા સામે મેં જોયાં કર્યું અને એ દીવાની ગરમીનાં સહારે હું રાતની ઠંડીમાં હૂંફ મેળવી શક્યો.' વાર્તા રજી પણ આગળ છે. પરંતુ મને જે ગમે છે તે વૃધ્ધનો આ જવાબ છે. ઘણી વખત અલપ-ઝલપ થતી ઓળખાણ કે પરિચિતતા જીવનનું ચાલકબળ બની જતી હોય છે. બધેથી હારેલા - થાકેલા વ્યક્તિને આપણાં બે વાક્યો એકલતાની ભીડમાંથી બહાર ખેંચી લાવતાં હોય છે. એક ખૂબ જાણીતી વાત છે કે એક ભાઈ જીવનથી થાકીને આપઘાત કરવાનું નક્કી કરે છે. તેમનો અંતરાત્મા તેમને ડંખે છે કે, 'જીવન કાંઈ ખલાસ નથી થઈ ગયું! હજી આશા છે.' મૂંઝાતા ભાઈ એવું નક્કી કરે છે કે, કાલે સવારે આપઘાત કરવા નીકળું અને મને જે પહેલો વ્યક્તિ મળે તે મારી સામે જોઈ હસશે કે મને બોલાવશે તો હું માનીશ કે જીવનમાં હજી જીવવાપણું છે' આ ભાઈ સવારે નીકળે છે અને સૌથી પહેલાં તમે જ એમને મળો છો. તો જવાબ આપો કે તે ભાઈ આપઘાત કરશે કે નહિ કરે?

પરિચિતોનું અભિવાદન કરવું એ ઝીલવું બંને જો ઉષ્માસભર હોય તો નિરાશાને આસાનીથી દેશવટો આપી શકાય. હું એક બહેનને જાણું છું. જેમને ગમે ત્યારે તમે પૂછો કે, 'કેમ છા?' તો તેમની દર્દીલી દાસ્તાન શરૂ થાય, "મારી તો તબિયત જ કયાં સારી રહે છે! તમારા ભાઈને પણ કાલે શરદી થઈ ગઈ'તી. અમારો મનુ જુઓને દસમામાં નપાસ થયો, લો! શું કરવું હવે?" આપણને એમ થાય કે, આમને કયાં પૂછ્યું કે કેમ છો? કોઈ કવિ કહે છે કે,

"પૂછે જો કોઇ કે 'કેમ છો?
તો કહીએ કે, દરિયા શી મોજમાં ને
ઉપરથી અલ્લાની મહેર છે."

આજ તો રહસ્ય છે. સુખી જીવનનું, સૌની સાથે બોલતાં રહીએ, બોલાવતાં રહીએ. આપણી મોજને બીજા સાથે વહેંચતા રહીએ તો સુખોનો ગુણાકાર સરળ બનશે.

- તારી સ્વાતિ

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૩મી જૂન

- જાણતા ક્રાંતિવીર ગણેશ દામોદર સાવરકરની જન્મતિથિ.

નિર્ભય-ખુમારીવાળા આ ક્રાંતિવીરે કાળાપાણીની સજા હસતાં મુખે ભોગવી. ૧૬-૩-૧૯૪૫માં તેમનું અવસાન થયું.

- ઇ. સ. પૂર્વે ૩૨૩માં ૧૩ વરસની કારકિર્દીમાં અડધી દુનિયા જીતી લેનારા સિકંદર એલેકઝાન્ડરનું બેબીલોનમાં અવસાન થયુ.
- સાલારજંગ બીજા - હૈદરાબાદના દિવાન - પોતાના કરોડો રૂપિયા ખર્ચીને સંગ્રહસ્થાન ઉભું કરનાર મીર લાયક અલીનો જન્મદિન - ૧૮૮૯.